# A Summary

Of The Thesis to be Submitted For

**Ph.D. Degree in Gujarati**

**AT THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA, VADODARA**

Research Topic For Ph.D.

“Folk Literature of Vasava Tribe of Kukarmunda:A Critical Study”.

“ કુકરમુંડા તાલુકાના વસાવા સમાજનું સમગ્ર લોકસાહિત્ય: એક વિવેચનાત્મક અભ્યાસ”


**પ્રસ્તુતકર્તા** **માર્ગદર્શક શ્રી**

વળવી બરખાબેન સાંગલ્યાભાઈ પ્રો.પુંડલિક પવાર

Valvi Barkhaben Sanglyabhai Prof.Pundlik C.Pawar

Department of Gujarati in the Faculty of Arts

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA,

VADODARA:390002

GUJARAT, INDIA


January 2025

A SUMMARY

મારા શોધનિબંધનો વિષય છે: “ કુકરમુંડા તાલુકાના વસાવા સમાજનું સમગ્ર લોકસાહિત્ય: એક વિવેચનાત્મક અભ્યાસ”. પ્રસ્તુત શોધનિબંધમાં સમાવિષ્ટ સર્વ પાસાઓને યોગ્ય ન્યાય મળી રહે તેવા હેતુસર શોધનિબંધને સાત પ્રકરણોમાં વિભાજિત કરેલ છે.

**પ્રકરણ:૧ કુકરમુંડા તાલુકાનો સામાન્ય પરિચય**

પ્રસ્તુત પ્રકરણમાં કુકરમુંડા તાલુકાનો સામાન્ય પરિચય આપવામાં આવ્યો છે. જેમાં કુકરમુંડા તાલુકાનો ઇતિહાસ અને ક્ષેત્રફળની માહિતી આપી છે. આ તાલુકામાં વસતા વસાવા સમાજની રહેણી-કરણી, રીતિરિવાજ, ખાનપાન ખેતી વગેરે વિશે પરિચય કરાવ્યો છે. ઉપરાંત વસાવા સમાજની વિધિઓ પાંચેરો,લગ્ન અને મરણ વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. આદિવાસી સમાજમાં મરણવિધિનું આગવું મહત્વ હોવાથી મરણ વિશેની સંપૂર્ણ માહિતી આપી છે. તથા આદિવાસીઓમાં દેવો એટલે કે તહેવારોનું ઘણું મહત્વ હોવાથી આ પ્રકરણમાં દેવો વિશે વિસ્તૃત પરિચય આપ્યો છે. જેમાં આડવો લાકડો, વાગદેવ, ગોવાલદેવ, લીલીચારી, ગાંવ દિવાળી, ઓલી, ગિમદેવ, ચૌરી અમાસ વગેરે દેવોની માહિતી છે.

**પ્રકરણ:૨ લોકસાહિત્ય**

પ્રસ્તુત પ્રકરણમાં લોકસાહિત્ય એટલે શું? અને લોકસાહિત્યના પ્રકારોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.  તેમજ જુદા જુદા વિદ્વાનોએ આપેલ લોકસાહિત્યની વ્યાખ્યા આપવામાં આવી છે. લોકસાહિત્યના પ્રકારો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. જેમાં લોકકથા, લોકગીત, લોકનાટ્ય, કહેવત, ઉખાણા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

**પ્રકરણ:૩ લોકગીત સાહિત્ય સ્વરૂપ :ગીથે**

પ્રસ્તુત પ્રકરણમાં દેહવાલી લોકગીતો મૂક્યા છે જેમાં લગ્નના ગીતો, હોળીમાં ગવાતા ગીતો, શ્રમગીતો, હાલરડાં અને રોડાલી એટલે કે લોકનાટ્ય સોંગમાં ગવાતા ગીતો પણ છે. એમાં પણ પ્રકાર સાથે મૂક્યા છે જેવા કે ,

૧. લગ્નગીતો:(વોરાડું ગીથે)

૨.શ્રમગીતો:(કામું ગીથે)

3. હાલરડા

૪. હોળીગીતો:(લોલએં)

૫.રોડાલી (લોકનાટ્ય સોંગમાં ગવાતા ગીતો)

ઉપર આપેલ લોકગીતોના પ્રકારો મુજબ વોરાડું ગીથે એટલે કે લગ્નગીતો દેહવાલી બોલીમાં મૂકી ગુજરાતીમાં ભાવાનુવાદ કરીને મૂકવામાં આવ્યા છે. લગ્નગીતોમાં અલગ અલગ સમયે ગવાતા ગીતો જેવા કે,

૧) સગાઈ વખતે ગવાતા ગીતો

૨) હળદ વાટવાથી લઈ પીઠીના ગીતો

૪) લગ્નવિધિથી લઈને કન્યાવિદાય સુધીના ગીતો.

ઉપરાંત શ્રમગીતોની આછી ઝલક પણ મૂકવામાં આવી છે. ગુજરાતનાં આદિવાસીઓનો ખાસ તહેવાર એટલે હોળી. હોળી વિશે માહિતી આપી અને હોળીના ગીતોને રજૂ કર્યા છે. હોળીનું આગવું મહત્વ હોય હોળીના જુદા જુદા સમયના અલગ અલગ ગીતો રજૂ કર્યા છે. જેમ કે કાંદિયો રોપવાના એકથી દોઢ મહિના પહેલા ગામના લોકો ઢોલ વગાડી,ગીતો ગાઈ સૌ ભેગા મળી નાચતા હોય છે. હોળીના દહન પછી પણ પાંચ દિવસ સુધી જે ગીતો ગાઈ ઘેરૈયા નાચતા હોય એ ગીતો પણ આ પ્રકરણમાં રજૂ કર્યા છે.

**પ્રકરણ:૪ લોકકથા:ગાયાં**

આ પ્રકરણમાં કુકરમુંડા તાલુકામાં કહેવાતી કથાઓનો પરિચય આપ્યો છે. જેમાં યાહામોગીની કથા અને મોલ્હોબાઈ-ગીમદેવની કથા મૂકી છે. આ પ્રકરણમાં લોકકથા જે દેહવાલી બોલીમાં 'પોહલો પોયરો'ની કથા વિસ્તૃતતાથી મૂકી આપી છે. પ્રસ્તુત કરેલ લોકકથાને મૂકીને તેને ગુજરાતીમાં અનુવાદ કરી,સારા અને નરસા પાસાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. કલ્પનાઓથી ઘેરાયેલી આ કથામાં આદિવાસી જીવનના દર્શન જોવા મળે છે.

**પ્રકરણ:૫ લોકનાટ્ય:'સોંગ'**

આ પ્રકરણમાં સોંગ લોકનાટ્ય દક્ષિણ ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં ભજવવામાં આવે છે. વધારે પડતું દેહવાલી બોલીમાં ભજવવામાં આવે છે. લોકનાટ્ય 'સોંગ'નો ઇતિહાસ મૂકવામાં આવ્યો છે. દેહવાલીમાં બોલીમાં રજૂ થતાં લોકનાટ્યના અલગ અલગ વિષયોની પણ આ પ્રકરણમાં વાત કરી છે. વસાવા સમાજના લોકનાટ્ય સોંગ 'બિચારા મા-બાપ' વિષય સાથે આ પ્રકરણ રજૂ કરવામાં આવેલ છે. સોંગમાં ગીતો પણ હોય છે. જેને 'રોડાલી' કહેવામાં આવે છે. રોડાલી પણ આ લોકનાટ્યમાં મૂકી છે. આ લોકનાટ્યની વિશેષતા એ છે કે પુરુષો જ આ ભજવી શકતા હોય છે.

**પ્રકરણ:૬ પ્રકીર્ણ લોકસાહિત્ય**

પ્રકીર્ણ લોકસાહિત્ય નામના આ પ્રકરણમાં કહેવત અને ઉખાણાં સાહિત્ય સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. કુકરમુંડા તાલુકાના વસાવા સમાજની પ્રચલિત કહેવતોને રજૂ કરવામાં આવી છે. જેવી કે, 'ડોગુંમ આગ બોલે તે દેખાય પેન ડેડીમ આગ બોલે તે કેડાલ નાય દેખાય' એટલે કે ડુંગર પર આગ બળે એ દેખાય પણ પેટમાં આગ બળે એ કોઈને ના દેખાય. તેમજ દેહવાલી બોલીમાં બોલાતા ઉખાણા રજૂ કરવામાં આવ્યા છે. જેવા કે, 'એક બાંયું કોડીપ પોયરો લીને ઉબલી તો કાય?' એટલે કે 'એક બેન કેડ પર છોકરું લઈને ઊભી તે શું? આ પ્રકરણમાં કહેવત અને ઉખાણા છે જેના દેહવાલી બોલીના શબ્દોનો અર્થ પણ મૂકવામાં આવ્યા છે.

**પ્રકરણ:૭ ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં કુકરમુંડા તાલુકાના વસાવા સમાજનું સમગ્ર લોકસાહિત્યનો વિવેચનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં લોકગીતો ,લોકકથા અને લોકનાટ્યની સાથે કહેવતો અને ઉખાણાનો સમાવેશ છે. આમ મારા સંશોધન કાર્યમાં કુકરમુંડા તાલુકાના વસાવા સમાજનું સમગ્ર લોકસાહિત્યનો વિવેચનાત્મક અભ્યાસ કરવાનો ઉપક્રમ હતો, તેનો શક્યત: અભ્યાસ કર્યો છે.